# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited* **Grade A** *by NAAC*


નં. એસ.સી.-એસ.ટી. સેલ/૧૨/'૧૮      તા.૨૭/૦૨/'૧૮

વિષય :- ભારત સરકારશ્રીની લઘુમતિ જાતિની શિષ્યવૃત્તિ માટે **National Scholarships Portal (2.0)**માં બાકી શાળા/કોલેજ/સંસ્થાઓના રજીસ્ટ્રેશન કરાવવા બાબત.

સંદર્ભ :- જિલ્લા નાયબ નિયામકશ્રી, નાયબ નિયામક (વિ. જા.)ની કચેરી, વડોદરાના પત્ર ક્ર.નં.ના.નિ./વિ.જા./એનપીએસ./૨૦૧૭-૧૮/૧૦૫૮ થી ૧૪૭૧ તા.૧૯/૦૨/૨૦૧૮

<u>પરિપત્ર :-</u>

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ જણાવવામાં આવે છે કે, સંદર્ભિત કચેરીના પત્રમાં જણાવ્યા અનુસાર **National Scholarships Portal (2.0)**માં ભારત સરકારની લઘુમતિઓ માટેની પ્રિમેટ્રીક, પોસ્ટ મેટ્રીક તથા મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિઓ મેળવવા માટેની જિલ્લાની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓ કે જેઓને વર્ષ ૨૦૧૭-૧૮ માટે રજીસ્ટ્રેશન બાકી હોય, અગાઉ રજીસ્ટર્ડ થયેલ હોય, કે વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવુ રજીસ્ટ્રેશન કરાવવાનું હોય, તેમના રજીસ્ટ્રેશન માટેની અંતિમ તારીખ ૩૧ માર્ચ, ૨૦૧૮ છે. રજીસ્ટર્ડ થયેલ શાળા/કોલેજ/સંસ્થાઓએ તેમના નામનું પુનરાવર્તન ન થાય તેની ખાસ કાળજી રાખવી. તા.૩૧-૦૩-૨૦૧૮ બાદ **NSP 2.0** માં રજીસ્ટ્રેશન માટેની સુવિધા કોઇપણ સંજોગોમાં આપવામાં નહીં આવે. જેથી તા.૩૧-૩-૨૦૧૮ સુધીમાં આ અંગેની તમામ કાર્યવાહી **swo-ddo-vad@gujarat.gov.in** પર મોકલી આપવાનું રહેશે.

વધુ વિગતો માટે સંદર્ભિત પત્રની નકલ આ સાથે સામેલ છે. આ અંગેની સંપૂર્ણ કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

<u>બિડાણ :</u>
સંદર્ભિત પત્રની નકલ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન સર્વે સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

<u>નકલ સાદર રવાના :</u>
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :</u>
(૧) જોડાણ વિભાગ
(૨) પી. જી. વિભાગ

SC-ST Cell
Inward No. 85
Date : 26/2/18
26 FEB 2018
Sau. Uni. Rajkot

જરૂરી

નં.ના.નિ. /વિ.જા./એનપીએસ/૨૦૧૭-૧૮/૧૦૫૫ થી ૧૦૭૧
નાયબ નિયામક (વિ.જા)ની કચેરી,
બીજો માળ, નર્મદા ભવન,
ઈન્દીરા એવન્યુ રોડ, વડોદરા.
ફોન નં.૦૨૬૫-૨૪૨૬૬૨૨
ઈ-મેઈલ- swo-ddo-vad@gujarat.gov.in
તા: ૧૯/૦૨/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
24 FEB 2018
ઈનવર્ડ નંબર 390
વિભાગ

પ્રતિ,
આચાર્યશ્રી,
.....................................
.....................................

વિષય:-ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃત્તિ માટે **NATIONAL SCHOLARSHIPS PORTAL (2.0)** માં બાકી શાળા/કોલેજ/સંસ્થાઓના રજીસ્ટ્રેશન કરાવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની વડી કચેરીના ઈ-મેઈલમાં મળેલ સુચના મુજબ **National Scholarship Portal (2.0)**માં ભારત સરકારની લઘુમતીઓ માટેની પ્રિ.મેટ્રીક, પોસ્ટ મેટ્રીક તથા મેરીટ કમ મિન્સ શિષ્યવૃત્તિઓ મેળવવા માટે જિલ્લાની વર્ષ ૨૦૧૭-૧૮માં રજીસ્ટ્રેશન કરવાની બાકી રહેલી શાળા/કોલેજ/સંસ્થાઓ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી રજીસ્ટ્રેશન કરવાની થતી તમામ શાળા/કોલેજ/સંસ્થાઓને રજીસ્ટર કરવા તથા અગાઉ એક કરતા વધુ વખત રજીસ્ટર થયેલ શાળા/કોલેજ/સંસ્થાઓનું નિયમન અને રજીસ્ટ્રેશન કરતી વખતે શાળા/કોલેજ/સંસ્થાઓનું **Duplication** ન થાય તેમ રજીસ્ટર કરવા માટેની અંતિમ તા.૩૧-૦૩-૨૦૧૮ આપેલ છે. ભારત સરકાર દ્વારા આપેલ અંતિમ તારીખ બાદ **NSP 2.0** માં કોઈ પણ સંજોગોમાં શાળા/કોલેજ/સંસ્થાઓના રજીસ્ટ્રેશન માટે કોઈ સુવિધા આપવામાં આવશે નહી.

જેથી તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવા તમામ બાકી રહેલી શૈક્ષણિક સંસ્થાઓએ ઉક્ત ઈ-મેઈલ પર તથા સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) વડોદરા

નકલ સવિનય રવાના:
૧. રજીસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૨. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ટેકનો.યુનિવર્સિટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

24/2
SC ST સેલ
26/2

E:\desk top files2015\Offices\chaniyaraya sir\એનએસપી પોર્ટલ ૨.૦માં રજીસ્ટ્રેશન બાબત..docx

૩. રજીસ્ટ્રારશ્રી,આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૪. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૫. રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૬. રજીસ્ટ્રારશ્રી,ગુરૂ ગોવિંદસિંહ યુનિર્સિટી,ગોધરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૭. રજીસ્ટ્રારશ્રી,પારૂલ યુનિવર્સિટી સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૮. રજીસ્ટ્રારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૯. રજીસ્ટારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી,વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૧૦.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.વડોદરા તરફ જાણ તેમજ આપના તાબાની તમામ શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા વિનંતી સહ.
૧૧.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.વડોદરા તરફ જાણ તેમજ આપના તાબાની તમામ પ્રાથમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપી કામગીરી કરાવવા વિનંતી સહ.
૧૨.શાસનાધિકારીશ્રી,નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ,દાંડીયાબજાર, વડોદરા.

E:\desk top files2015\Offices\chaniyaraya sir\એનએસપી પોર્ટલ ૨.૦માં રજીસ્ટ્રેશન બાબત..docx